# –: મુમિનની સીરત, અખ્લાક અને સિફત :–

સૈયદના હાતિમ સાહબે (ક.રૂ.) પોતાની મશહૂર કિતાબ "તન્બીહુલ ગાફેલીન" માં તીસરી ફસલમાં મુમિનની પાક સીરત અને નૈક અખ્લાકની મોફસ્સલ (વિસ્તૃત) બયાની કરીને નસીહત અને હિદાયતના સાંચામાં ઢાલીને એક ખૂબસૂરત અને પુરઅસર તસ્વીર પૈશ કીધી છે.

નબીએ અકરમ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "મુસ્લિમ કોણ ? કે જેના હાથ અને ઝબાનથી મુસલમાનો સલામત રહે. મુસ્લિમ બીજા મુસ્લિમનો ભાઈ છે, તે મુસ્લિમ ઉપર ઝુલ્મ અને ઝબરદસ્તી ન કરે અને તે મુસ્લિમને તન્હા (એકલો) છોડી ન દે અને તમામ મુસલમાનો બીજાઓથી લડવા (જેહાદ) વાસ્તે એક કુવત છે. હરએક મુસ્લિમ ઉપર બીજા મુસ્લિમનું ખુન, માલ અને આબરૂ હરામ છે." આપ (સ.અ.વ.વ.) નું આ ફરમાન આમ તૌર પર અહલે ઈસ્લામ વાસ્તે છે, કે જે તમામ શહાદતના બે કલેમા "લા ઈલાહા ઈલ્લલ્લાહ મોહમ્મદુર રસૂલુલ્લાહ" ના કહેનાર છે, તો પછી ઈમાનના લોગો કે જે તમામ ઈમામુઝઝમાન (અ.સ.) ની વલાયતમાં દાખિલ થનારાઓ છે, અને જેઓ હકીકી મુસલમાનો છે કે જે તમામ ખુશ થઈને ઈમામુઝઝમાન (અ.સ.) ને હિદાયતનુમા અને ઈલ્મના સરચશ્મા માને છે, તેઓની શું હાલત ? તે પછી નબીએ અકરમ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "જે શખ્સ પોતાની ઝબાનને લોગોની આબરૂ લેવાથી દુર રાખે, તેની ભૂલને ખુદાતઆલા કયામતને દિન મઆફ કરશે. જે શખ્સ ગુસ્સો કરવાની તાકત રાખતો હોય મગર તે ગુસ્સાને ગીલી જાય તો ખુદાતઆલા તેના દિલમાં અમાન અને ઈમાનને ભરશે. જે કોઈ દુનિયામાં બે મ્હોંયા હશે તેના વાસ્તે ખુદા કયામતના દિન આગની બે ઝબાન કરશે. જે કોઈ પોતાના ભાઈના ખતમાં તેની રઝા બગૈર નઝર નાખશે તો આગમાં નઝર નાંખવા બરાબર છે." આપે (સ.અ.વ.વ.) વાજિબ કીધું કે, ભાઈના ખત (કાગઝ) માં નઝર ન કરે અને ખયાનત કરવાથી દૂર રહે તો પછી અગર કોઈ શખ્સ પોતાના ભાઈની ગીબત કરે યા તેની ખયાનત કરે યા તેને દગો દે તેની શું હાલત થાય ? હમે ખુદાતઆલાથી સવાલ કરીએ છીએ કે, તે હમને બહેતર રસ્તા ઉપર સાબિત રાખે અને હમારી નિય્યતોને સાફ રાખે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે "જે કોઈ પોતાના ભાઈની તરફ ઐબ બગૈરની આંખથી જોશે તેની તરફ ખુદાતઆલા દુનિયા અને આખેરતમાં ખુશીની નઝરથી જોશે અને જે પોતાના ભાઈની તરફ ઐબની આંખથી જોશે તેની તરફ અલ્લાહતઆલા દુનિયા અને આખેરતમાં ગુસ્સાની નઝરથી જોશે. **જે પોતાના ભાઇની દુનિયાની મુસીબતોમાંથી કોઇ પણ એક મુસીબતને દૂર કરે તો કયામતના દિન અલ્લાહતઆલા તેની મુસીબતને દૂર કરશે,** જે પોતાના ભાઈના કામને આસાન કરવામાં મશગૂલ રહેશે તો ખુદાતઆલા તેના કામની આસાનીમાં મશગૂલ રહેશે. જે પોતાના ભાઈનો ઐબ છુપાવશે તો ખુદાતઆલા તેનો ઐબ દુનિયા અને આખેરતમાં છુપાવશે. બંદો જહાં તક પોતાના ભાઈની મદદમાં રહેશે વહાં તક ખુદાતઆલા તે બંદાની મદદમાં રહેશે. જે શખ્સ લોગો ઉપર આમિલ (હાકિમ), સરપરસ્ત બનીને જાય, અને તે આમિલ લોગો ઉપર ઝુલ્મ ન કરે અને લોગોને જે વાત કહે તેમાં જૂઠું ન બોલે અને જેઓને મીઆદ (વચન) આપે તેમાં ખિલાફ ન કરે તો તેની મુરૂવ્વત અને ઈન્સાનીયત કામિલ કહેવાય અને તેનો અદલ - ઈન્સાફ ઝાહેર થાય, અને તેનો ભાઈચારો વાજિબ થાય, અને તેની ગીબત કરવી હરામ થાય."

આપ (સ.અ.વ.વ.) એ મુમિનના અખ્લાક વાસ્તે ઔર ફરમાવું છે કે, "જે કોઈ શખ્સ પોતાના બે હોઠના દરમિયાનમાં જે છે યાઅની કે ઝબાન - તેને, તેમજ તેના બે જાનિબ (પાંસા) ના દરમિયાનમાં જે છે યાઅની કે પેટ - તેને, તેમજ તેના બે પગના દરમિયાન જે છે યાઅની કે શરમગાહ - તેને, શરીઅતના હલાલ પર ઈસ્તેઅમાલ કરે અને હરામ કામોથી દૂર રાખે તો તે શખ્સ જન્નતમાં દાખિલ થાય. જે પોતાની ઝબાનને સાફ અને ચોખી રાખે તો તેને પર ખુદાતઆલા રેહમત કરે." આપે (સ.અ.વ.વ.) ફરમાવું છે કે, "મુમિન હર એક ખસલત પર પાક હોય છે, ખયાનત અને જૂઠ તેની આદતમાં હોતું નથી. તમારામાંથી કોઈ પોતાના ભાઈની આંખમાં ચીપડા જોય છે પણ પોતાની આંખમાં ફૂલુ છે તે જોતા નથી, મોટામાં મોટી ખયાનત અને ધોકેબાઝી એ છે કે, તું તારા ભાઈને કોઈ વાત કરે તેને તે ભાઈ સાચી માની લે અને તું જૂઠો હોય. **તારા વાસ્તે જે ચીઝને તું પસંદ કરે તે ચીઝને તું તારા ભાઇ વાસ્તે પસંદ કરે તો તું મુમિન બનશે.** તારા ભાઈને મદદ કર ચાહે તે ઝાલિમ હોય કે મઝલૂમ હોય. ભોલા લોગોની ભૂલોને મઆફ કર, ભલી વાત કર તો તુને ફાયદો થશે અને બુરી વાતથી ચુપ રહે તો તું સલામત રહીશ. જે શખ્સની મુસીબતોથી તેનો પડોશી અમાનમાં ન રહે તે શખ્સ જન્નતનો હક્કદાર નહીં થાય. મુમિનને જાઈઝ નથી કે તેના ભાઈ પર બગૈર કોઈ સબબ ગુસ્સે થાય. મુમિન વાસ્તે એ દુરૂસ્ત નથી કે પોતાના ભાઈથી ત્રણ દીવસ કરતાં વધારે દૂર રહે. જે શખ્સ પોતાના નફસ વાસ્તે જે ભલાઈ પસંદ કરે તે પોતાના ભાઈ વાસ્તે પસંદ કરે તો જ મુમિન કહેવાય. તમારામાંથી કોઈપણ પોતાની ઝબાનને વધારે અને બેમતલબ બોલવાથી તાલું ન મારે, વહાં તક તેનું ઈમાન કામિલ થતું નથી. જે શખ્સ લોગો પર રહેમ ન કરે તેના પર ખુદાતઆલા રહેમ નહી કરે (જે શખ્સ લોગોને રેહમત ન કરે તેને ખુદાતઆલા રેહમત નહીં કરે). તારા ભાઈ ઉપર હસતો નહી, નહી તો ખુદાતઆલા તે ભાઈને તંદુરસ્તી આપશે અને તને બલામાં ફસાવશે. તારા મુમિન ભાઈઓની ગીબત ન કરો અને તેઓના ઐબોની પાછલ ન લાગો, કોઈનો પડદો ન ફાડજો. તારા ભાઈને એવો વાઅદો ન કરજે કે જેને તું વફા ન કરી શકે. આપસમાં હસદ (અદેખાઈ) ન કરો અને ઝઘડો ન કરો, એકબીજાથી અદાવત ન રાખો, એકબીજાની ભૂલોનો પીછો ન પકડો અને તમે ભાઈઓ બનીને ખુદાતઆલાના નૈક બંદાઓ બનો. તમે ઐબ કાઢનાર તેમજ ખોટી તાઅરીફ કરનાર ન બનો, એકબીજાની તનકીદ (ટીકા) કરનાર અને લોક દેખાવને વાસ્તે પરહેઝગાર ન બનો. તમે ખોટા ગુમાન (ધારણા) કરવાથી દુર રહેજો, જૂઠામાં જૂઠી વાત ખોટું ગુમાન કરવું છે. **બહેતર સોચ રાખવી એક ઇબાદત છે, નેક ચાલચલન જન્નતના લોગોના અમલો છે, બંદો નૈક આદત રાખવાથી રોઝદાર અને તહજ્જુદ પઢનારનો દરજો હાસિલ કરે છે.** લોગોને વધારે તાઅદાદમાં (પ્રમાણ) જહન્નમમાં નાખનાર બે ખોખલી (પોકળ) ચીઝો છે. મ્હોં-જેથી ગીબત થાય અને હરામનો માલ ખવાય; અને ફરજ- જેથી ઝિના અને બદકારી થાય. લોગોને વધારે તાઅદાદમાં જન્નતમાં દાખિલ કરનાર બે ચીઝો છે, ખુદાતઆલાનો ડર અને નૈક રફતાર."

ખુદાતઆલા વધારે બોલચાલ કરવાથી, માલને ઝાયેઅ (ખરાબ) કરવાથી અને ઘણું માંગવાથી રોકે છે. હરએક ઝબાનના નઝદીક ખુદાતઆલા છે, જહાઁ તક બંદાની બોલચાલને ખુદા પસંદ કરતા નથી વહાઁ તક તેના કોઈ અમલને તે કુબૂલ કરતા નથી. કયામતના દિને તમામ કરતા સખત અઝાબમાં તે શખ્સ હશે જે લોગોને બુરાઈની તોહમત (ઈલ્ઝામ) આપતો હશે. અલ્લાહતઆલા રસૂલે મકબૂલ (સ.અ.વ.વ.) ના આ કલામ અને અલ્ફાઝને હમારા દિલોમાં ઉતારી કિફાયત કરે અને હમારા નફસ (જાન) ને શિફા આપનારી નેઅમત બનાવે.

અમીરૂલ મુમેનીન હ. અલી (અ.સ.) ફરમાવે છે કે, "**ગીબત સાંભલનાર ગીબત કરનારાઓ માંથી એક છે.**" અને આપે રિસાલત મઆબ (સ.અ.વ.વ.) ને મુમિનની સિફતનો સવાલ કીધો. આપે (સ.અ.વ.વ.) ફરમાવું છે કે, "**મુમિન લાલ યાઅકૂત જેવો છે** કે, જે યાઅકૂત બાદશાહોના ખઝાનાઓ સિવાય મીલી શકે નહિં." મુમિનને મુમિન તે વકત જ કહેવાય કે જે ઈલ્મથી સમઝદાર હોય, હિકમતથી બોલનાર હોય, હરામથી દુર રહેનાર હોય, બોલચાલમાં નરમ હોય, ખુશીમાં જલ્દી કરનારો હોય, ગુસ્સાને ગલનારો હોય, તેને તાઅલીમ આપવામાં આવે તો તાલીમ લે, કોઈ તેના વાસ્તે બુરૂં બોલે તો ચુપ રહે, જો કોઈ તેની સોહબત કરે તો તે સલામત રહે, જો કોઈ તેના મોઆમેલાત (કામકાજ) માં હિસ્સેદાર બને તો તેને ફાયદો થાય, તે બીજાની ઈઝઝત કરનારો હોય, ખુદાતઆલાની તાઅત કરનારો હોય, પડોશી સાથે ભલાઈનો કરનારો હોય, જહન્નમથી ભાગનાર હોય, તેનું દિલ ખુદાતઆલાની માઅરેફ્તથી રોશન હોય, તેની ઝબાન ખુદાની ઝિક્ર કરનારી હોય, તેનું જિસ્મ મહેનત પર સબ્ર કરનારું હોય, લોગો તેનાથી રાહતમાં હોય. **તે મુમિન વહેતા પાનીની મિસિલ છે** કે, જે પાની તમામ ચીઝોની ઝિંદગી છે; તેના ખયાલ રોશન છે, તેના અમલ બાકી છે, તે દુનિયા વાસ્તે અદાવતનો કરનાર છે, ઈઝાનો ઓછો છે, તાઅરીફનો ઝાહેર કરનાર છે, લોકદેખાઈના કામથી દૂર છે, કોઈ ભલાઈની તરફ બોલાવે તે તરફ જાય, અને જો કોઈ ખુદાતઆલાથી નાફરમાની તરફ બોલાવે તો ઈનકાર કરે, ઝબાનનો સાચો છે, દિલનો ગની છે, જાનનો દાતાર છે, તવંગરીમાં અને ગરીબીમાં વચલે રસ્તે ચાલનારો છે. જો કોઈ તેના પાસે અમાનત મુકે તો તે અમાનતને અદા કરે, અને જો તેને અમીન બનાવે તો કોઈના ઉપર તોહમત ન મૂકે, તે મુમિન યતીમનો બાપ છે, બેવા બૈરો વાસ્તે રેહમતનો કરનાર છે, જન્નતની તરફ શૌક રાખનાર છે, માઁ-બાપના હુકુમને ઉંચકનાર છે, તે પોતાના ભાઈ સાથે મોહબ્બતથી વાત કરનાર છે, તેના પડોશી તરીકે રહેવામાં ઈઝઝત છે, તેને સાથે બેસવામાં બરકત છે, કોઈ વાત છુપી રાખવાનું કહે તો તે તેને છુપી રાખે, જે કોઈ તેને જમાડે, જે કોઈ તેની મદદ માંગે તો મદદ આપે, સખાવતનો કરનાર છે, નેક ચલન અને ખુશમિઝાજથી મશહૂર છે, ઉધાર લે તો પાછું આપે, કોઈ ઉધાર માંગે તો આપે, ફકીર-મોહતાજને આપે. તેથી તે **મુમિનની મિસાલ એક દરખ્ત (ઝાડ) ની છે**, કે જે દરખ્તનું થડ મઝબૂત થયેલું છે, તેની ડાલીઓ લંબી છે, તેના સમર (ફલ) ઘણા છે, તે દરખ્ત જોનારને નવાઈ લાગે. તે મુમિન લોક દેખાડવા વાસ્તે કોઈ ચીઝ કરતો નથી અને લોગોની શરમને લીધે કોઈ ચીઝ મુકતો નથી, પોતાના નફસને હિસાબનો પુછનાર છે, પોતાના ઐબોમાં નઝરનો કરનાર છે, પોતાના અમલ પર ફખર કરનાર નથી. જો તે એહસાનનો કરનાર હોય તો પોતાના નફસ (જાન) ઉપર ડરનાર છે, પોતાના માલની સખાવત કરનાર છે, બીજાના માલથી દુરનો રહેનાર છે, આકિલ અને હલીમ (નરમ મિઝાજ) છે, સફરમાં કોશિશનો કરનાર છે, તે ફરઝંદવાલો અને મિલકીયતવાલો છે, કે જેઓ તેને ખુદાતઆલાની ઈબાદતથી રોકી શકતા નથી. જો તેને કોઈ ધમકાવે તો ગુસ્સે થતો નથી અને તેને કોઈ નસીહત આપે તો તે સાંભલે, ભુલતો નથી. રમત અને ખેલમાં લાગે નહિ, જો કોઈ તેને આપે તો ખુશ થાય, શુક્ર કરે અને જો કોઈ ન આપે તો કનાઅત (સંતોષ) રાખે અને સબર કરે, **તે મુમિનની મિસાલ ખજુરીની છે** કે જે ખજુરીની હર એક ચીઝ ઈસ્તેઅમાલમાં લેવાય છે અને પોતાના મીઠા ફલ તમામ વાસ્તે એક નેઅમત છે અને જેથી ફાયદા સિવાય બીજુ કઈ હાસિલ થતું નથી. ★